ELECTION
IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
Fax No.: 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક:-ઇએલસી/૪૫૧૫/ ૩૫૦/છ(સેલ) તા.૧૮/૦૨/૨૦૧૭

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી.

વિષય:-બુથ લેવલ ઓફિસરની નિમણૂક અને કામગીરી બાબત.

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને ચૂંટણી સંબંધી કામગીરી પૈકી મતદારયાદી બનાવવા/સુધારણા જેવી કાયમી ચાલુ રહેતી કામગીરી ઉપરાંત સમયાંતરે આવતી લોકસભા/ વિધાનસભા /સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી સમયે કામગીરી સોંપવામાં આવે છે. આર.ટી.ઇ. એક્ટ ૨૦૦૯ની જોગવાઈ ધ્યાને રાખીને શિક્ષણ વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓ મુજબ શિક્ષકોને મતદારયાદી બનાવવા/ સુધારણાની કામગીરી રજાના દિવસોએ અથવા શિક્ષણના કલાકો સિવાયના કલાકોમાં જ કરવાની હોય છે. જે બદલ તેઓને વળતર રજાઓ આપવામાં આવે છે.

૨. ઉપર્યુક્ત અનુસંધાને અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગે તેમનાં તા. ૬/૦૨/૨૦૧૭ના અ.સ.પત્રથી આ કચેરીના ધ્યાને મુકેલ છે કે ગણિત/વિજ્ઞાન/ અંગ્રેજી જેવા વિષયો ભણાવતા શિક્ષકો જ્યારે આવી વળતર રજાઓ ભોગવે છે ત્યારે શૈક્ષણિક કાર્યમાં વિક્ષેપ અને ખલેલ પહોંચે છે. વિધાર્થીઓને આ સમય દરમિયાન શૈક્ષણિક લાભથી વંચિત રહેવું પડે છે અને વિધાર્થીઓના પરિણામ અને શૈક્ષણિક કારકિર્દી પર પણ તેની વિપરીત અસર પડે છે.

૩. બી.એલ.ઓ.ની નિમણૂંક જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારીના પરામર્શમાં કરવામાં આવે છે. ઉપર્યુક્ત ફકરા - ૨માં જણાવેલ પરિસ્થિતિ ટાળવા સર્વે જિલ્લા ચૂંટણી અધિકારીઓએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોને ચૂંટણી સંબંધી કામગીરી પૈકી મતદારયાદી સંબંધી બી.એલ.ઓ. તરીકેની કામગીરી સોંપતા પૂર્વે નીચે મુજબની પદ્ધતિ અનુસરવા આથી જણાવવામાં આવે છે:-

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓએ જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી પાસેથી બે પ્રકારની યાદી મેળવી લેવાની રહેશે.

(૧) ગણિત/વિજ્ઞાન/ અંગ્રેજી સિવાયના વિષયોના શિક્ષકોની યાદી કે જેમને બી.એલ.ઓ.ની ફરજ સોંપી શકાય તેમ છે.

Scanned with CamScanner

(૨) ગણિત/વિજ્ઞાન/ અંગ્રેજી જેવા વિષયોના શિક્ષકોની યાદી કે જેમને ખાસ સંજોગોમાં જ બી.એલ.ઓ. તરીકેની કામગીરી સોંપી શકાય તેમ છે.

૪. આ પ્રકારની યાદીઓ જિલ્લા ચૂંટણી અધિકારી ઠરાવે તે સમયમર્યાદામાં જિલ્લા શિક્ષણ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ પુરી પાડવાની રહેશે. આવી યાદી મળ્યા બાદ જિલ્લા ચૂંટણી અધિકારીએ જે તે વિધાનસભા મતવિભાગના મતદાર નોંધણી અધિકારીના પરામર્શમાં સ્થાનિક કક્ષાએ ઉપલબ્ધ કર્મચારીઓની સંખ્યા અને સ્થાનિક જરૂરિયાત/ સંજોગોને ધ્યાને લઇ બી.એલ.ઓ. ની નિમણૂકનો નિર્ણય લેવાનો રહેશે. આવી નિયુક્તિ કરતી વખતે શક્ય હોય ત્યાં સુધી ગણિત/વિજ્ઞાન/ અંગ્રેજી સિવાયના વિષયોના શિક્ષકોની બી.એલ.ઓ. તરીકે નિમણૂક કરવાની રહેશે. આમ છતાં જરૂરિયાત અનુસાર ઉપર્યુક્ત ફકરા - ૩ (૨) માં જણાવેલ વિષયોના શિક્ષકોની પણ બી.એલ.ઓ. તરીકે નિમણૂક કરી શકાશે.

૫. આથી, હવે પછીની બુથ લેવલ અધિકારીઓની નિમણૂક સમયે ઉક્ત સુચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા અને આ અંગે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા અનુરોધ છે.

૬. વધુમાં ભારતના ચૂંટણી આયોગ દ્વારા મદદનીશ મતદાર નોંધણી અધિકારી/મતદાર નોંધણી અધિકારી (AERO/ERO) તથા બુથ લેવલ ઓફિસર (BLO) વચ્ચે કડીરૂપ એવા " સુપરવાઇઝરો" (સામાન્ય રીતે દર ૧૦ બી.એલ.ઓ. દીઠ એક) ની નિમણૂંક કરવામાં આવે છે, જેથી મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ/ મતદાર નોંધણી અધિકારીઓ તથા બુથ લેવલ ઓફિસરોનો કાર્યબોજ ઘટે અને તે બન્નેની મૂળભૂત ફરજોને વિપરીત અસર ન પહોંચે. આથી, તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓને ભારપૂર્વક અનુરોધ છે કે ચૂંટણી લક્ષી કાર્યવાહીના સંદર્ભે અને ખાસ કરીને મતદારયાદીની કામગીરી સંબંધે " સુપરવાઇઝરો" નો મહત્તમ ઉપયોગ કરવો અને અનિવાર્ય સંજોગોમાં જ બુથ લેવલ અધિકારીઓને જિલ્લા/તાલુકા કચેરીઓએ રૂબરૂ બોલાવવા જેથી બુથ લેવલ અધિકારીઓ તેમની રોજીંદી ફરજો સારી રીતે બજાવી શકે.

(બી.બી. સ્વૈન)
મુખ્ય નિર્વાચન અધિકારી,
ગુજરાત રાજ્ય.

નકલ રવાના : - અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર તરફ તેમના તા. ૬/૦૨/૨૦૧૭ના પત્ર ક્રમાંક : પીએસ.પી.ઇ./૨૦૧૭/૧૦ ના સંદર્ભે જાણ સારું તેમજ સર્વે જિલ્લા શિક્ષણ અધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓને આ સૂચના પરિપત્રિત કરવા સારું.

Scanned with CamScanner